# નથી લાગણી એમ કહેતા હતા, ક્યોં પ્રેમ તો ના થવાનું થયું!

સ્પંદન

નિરંજન યાજ્ઞિક

જલાલપોરની આંબાવાડી રોડ પરની જ્યોતિ સોસાયટીમાં અનિલભાઈનું ઘર હતું તો સાદું પણ એમની સોહામણી જુવાન દીકરી શ્રેયાના લીધે એ રળિયામણું લાગતું હતું.

શ્રેયા હતી પણ એવી રમતિયાળ, સોહામણી, ગ્રેજ્યુએટ સુધી ભણેલી ને વાચાળ. સૌ કોઈની આંખમાં વસી જાય એવી એ છોકરી જ અનિલભાઈના આખા ઘરનો વહીવટ સંભાળતી. અનિલભાઈ તો તળાવના સામા કાંઠે આવેલી શાળામાં શિક્ષક, એટલે બજારની બાબતમાં કે ખરીદીમાં એમને ખાસ સૂઝ ન પડે. એમનાં પત્ની લીલાબહેન પણ લગભગ એવાં જ. શ્રેયા નવસારીની ગાર્ડા કોલેજમાં ભણવા જતી હતી એ વખતે અનેક કોલેજિયન યુવકો એના પર મરી ફીટતા પણ શ્રેયા કોઈને દાદ ન આપતી એટલે એ સૌને જીવતદાન મળી જતું! જો કે એના જ ગામ જલાલપોરના ને એની સાથે જ નવસારી અપ-ડાઉન કરતા વિજય સાથે એને સારું બનતું. સારું એટલા માટે બનતું કે વિજય એના પર મરી ફીટતો નહોતો, એ માત્ર એનો મિત્ર હતો. કદી એણે શ્રેયાના કોઈ અંગને સ્પર્શવાનો પ્રયાસ નહોતો કર્યો ને નહોતી એની સાથે આંખમિચોલી ખેલી. વિજય હતો પણ સોહામણો. તાકાતથી ભર્યો ભર્યો લાગતો હતો. જુવાની એના પણ અંગેઅંગમાંથી છલકાતી હતી. ગઈ સાલ સુધી ભણતાં હતાં ત્યારે ઘણી વાર બસ ન મળે કે કોલેજ પહોંચવામાં મોડું થાય એમ હોય ત્યારે વિજયની બાઈકની પાછળ બેસીને પણ શ્રેયા કોલેજ પહોંચી જતી. બમ્પ આવે કે ખાડો આવે ત્યારે શ્રેયાના સ્તનપ્રદેશનો માદક સ્પર્શ માણવાનું પણ વિજયને ક્યારેય મન થતું નહોતું. ''શ્રેયા,'' એક વાર વિજયે એને પૂછેલું, "બી.એ. થઈને પછી તું શું કરવાની છે?''

''તું શું કરવાનો છે?'' શ્રેયાએ સામે પૂછ્યું.

''લે,'' વિજય હસ્યો, "પ્રશ્ન મેં પૂછ્યો ને જવાબ આપવાના બદલે તું સામો પ્રશ્ન કરે એવું ચાલતું હશે?''

''ચાલે કે ન ચાલે,'' શ્રેયાએ પણ હસીને જવાબ આપ્યો, "પણ હું તો તું જે કરીશ એ જ કરવાની છું.'' ''કેમ એમ શ્રેયા?'' વિજયે પૂછ્યું.

''જો,'' શ્રેયા બોલી, ''હું એમ.એ. કરું અને તું ન હોય તો બીજા છોકરાઓ મારી સામે જુએ એ મને નથી ગમતું. કોઈ ઈરાદાપૂર્વક મને સ્પર્શવાનો પ્રયત્ન કરે એ પણ મને નથી ગમતું. તું સાથે હોય તો આ બધું ન બને.''

''ગાંડી છે તું,'' વિજય હસ્યો, "એમ તો હું પણ તને સ્પર્શ કરું જ છું ને?'' ''પણ તારા સ્પર્શમાં ફેર છે વિજય,'' શ્રેયાએ જવાબ આપ્યો, "એમાં વાસના નથી, માત્ર દોસ્તી છે એટલે મને જરાય અજુગતું નથી લાગતું." ''ભલે,'' વિજય બોલ્યો,"મારે તો હવે અમારી દુકાન સંભાળવી છે, પપ્પાની હવે ઉંમર થઈ એટલે એમને આરામ પણ મળે ને મને દુકાનનું કામ પણ શીખવા મળે.'' ''તો મારે પણ ક્યાં આગળ ભણવાની જરૂર છે?'' શ્રેયા બોલી, "ગ્રેજ્યુએશન પૂરું કર્યું એટલું બસ છે. મારે ક્યાં નોકરી કરવી છે ક્યાંય?'' આ તો બધી થઈ જૂની વાતો. અત્યારે તો શ્રેયા ઘરનું કામ કરે છે, મમ્મી પાસેથી રસોઈ ને ઘરનું કામકાજ શીખે છે, ને સમય પસાર થતો જાય છે. ક્યારેક ક્યારેક વિજયની દુકાને એ કોઈ વસ્તુ લેવા પણ જાય છે. એક દિવસ એ વિજયની દુકાને ગઈ હતી. " વિજય," શ્રેયાએ વિજયની ઝંડાચોકમાં આવેલી કરિયાણાની દુકાને જઈને કહ્યું, "મને પાંચ કિલો ખાંડ આપ. પૈસા ખાતામાં લખી લેજે.'' ''બહુ દિવસે દેખાઈ શ્રેયા,'' વિજયે ખાંડ જોખતાં કહ્યું, "બહાર નીકળતી જ નથી કે શું?'' ''બહાર નીકળીને શું કરવાનું હતું?" શ્રેયા બોલી, "હા, કામ હોય તો બહાર નીકળું જ છું. આજે જ જો, અહીં આવી ને?'' "પણ એ તો ખાંડ લેવા આવી," વિજય બોલ્યો, "ક્યારેક અમસ્તા આવતી હોય તો મારોય દુકાનનો કંટાળો ઓછો થાય." ''સારું,'' શ્રેયા બોલી, "હમણાં તો મારું ઘર શણગારું છું, મને કંટાળો આવશે ત્યારે તારો કંટાળો દૂર કરવા આવી ચડીશ." એ પછી તો શ્રેયા ચાલી ગઈ ને વિજય પણ ગ્રાહકોમાં પરોવાઈ ગયો. એ પછી વિજય પણ એક દિવસ શ્રેયાના ઘેર પહોંચ્યો. શ્રેયાનાં મમ્મી લીલાબહેન ઓસરીમાં જ બેઠાં હતાં. એમણે વિજયને આવકાર્યો. "આવ બેટા," લીલાબહેન બોલ્યાં, "શું ભૂલો પડ્યો આજે?'' ''નમસ્તે માસી," વિજય બોલ્યો, "ભૂલો તો નથી પડ્યો પણ મારા કાકાનો દીકરો આ સાલ બી.એ.માં આવ્યો છે. એન- પે....''

" આવ આવ વિજય," વિજયની વાત અધવચ્ચે જ કાપી નાખતી શ્રેયા રસોઈમાંથી ઓસરીમાં આવી, " બેસ તો ખરો. બોલ, શું કામ પડ્યું? કે કંટાળો આવ્યો દુકાનમાં?'' ''અરે," વિજય હસ્યો, "એવું કૈં નથી, હું માસીને એ જ વાત કરતો હતો કે, મારા કાકાનો દીકરો



આ સાલ બી.એ.માં આવ્યો છે ને એનો મુખ્ય વિષય ગુજરાતી છે. મારે તો ઈકોનોમિક્સ હતું એટલે મારાં પુસ્તકો એને કામ ન આવે. તારે ગુજરાતી હતું તો તારાં પુસ્તકો ને નોટસ એના માટે મળશે?'' ''તારે પૂછવાનું હોય ગાંડા?'' લીલાબહેન બોલ્યાં, " તું તો ઘરનો છોકરો કહેવાય. તને ના પાડવાની જ ન હોય. જો, લીલા એની રૂમમાં જ ગઈ છે, મને લાગે છે કે એ પુસ્તકો લેવા જ ગઈ છે, આવતી જ હશે. તું બેસ, હું તારા માટે ચા બનાવું છું." ''અરે માસી, ચાની કોઈ જરૂર નથી,'' વિજય બોલ્યો, " હું ઘેરથી પીને જ આવ્યો છું." ''ભલે પીને આવ્યો,'' લીલાબહેન ઊભાં થતાં બોલ્યાં, ''મારા ઘરની ક્યાં પીધી છે? તું બેસ, અબઘડી શ્રેયા આવશે.'' લીલાબહેન ચા બનાવવા ગયાં ને બીજી જ મિનિટે શ્રેયા હાથમાં પુસ્તકો ને નોટસનો થોકડો લઈને આવી. ''લે વિજય,'' શ્રેયાએ થોકડો વિજયના હાથમાં થમાવતા કહ્યું, "બધાં જ પુસ્તકો ને મારી બધી નોટસ આવી ગઈ. એને કહેજે, ધ્યાનથી અભ્યાસ કરે.'' "ચોક્કસ," વિજય ઘરમાં ચારે તરફ નજર નાખતો બોલ્યો, "ઘર તો સરસ શણગાર્યું છે તે. ફર્નિચર હજી ખાસ દેખાતું નથી." "ફર્નિચરમાં તો સોફા ને ટિપોઈ જ લાવવાના છે,'' શ્રેયા બોલી, "મેં નવસારીમાં જોયાં પણ મને ખાસ પસંદ ન આવ્યાં. મારે તો અનોખી ડિઝાઈનના સોફા જોઈએ છે. જ્યારે મળે ત્યારે એ જ લઈશ.'' ''તેં હજી સારી ડિઝાઈનના સોફા ક્યાં જોયા જ છે?'' વિજય બોલ્યો, "મેં તો ફરવા ગયો હતો ત્યારે વઘઈમાં વનીલમાં જે સોફા ને ટિપોઈ જોયાં....આહાહા...એટલા અદભુત કે વાત ન પૂછો.'' ''મોંઘાં હોય છે?'' શ્રેયાએ પૂછ્યું. ''થોડાં મોંઘાં ખરાં,'' વિજય બોલ્યો, "પણ એ જોયા પછી તને બીજા કોઈ પણ સોફા કે ટિપોઈ ગમશે જ નહીં એની ગેરંટી આપું છું." ''વાહ,'' શ્રેયા બોલી,"તો પછી આપણે જઈને લઈ આવીએ. તું આવીશ ને મારી સાથે?'' ''ચોક્કસ આવીશ,'' વિજય બોલ્યો, " બાઈક પર જઈશું, અહીંથી તો સિત્તેર-એંસી કિલોમીટર જ થાય છે.'' ''કાલે સવારે જ નીકળીએ," શ્રેયા બોલી, "પૈસા તો મારી પાસે જ છે, તને ફાવશે ને કાલે?''

''લે," વિજય હસ્યો, "તું કહે ને ન ફાવે એવું બને કદી? આવીશ જ, તું સવારે દુકાને આવી જજે, હું પપ્પાને દુકાને બેસવાનું કહીશ.'' બીજા દિવસે વહેલી સવારના શ્રેયા અને વિજય વઘઈ જવા બાઈક લઈને નીકળી પડ્યાં. ડુંગરાળ રસ્તા પર વિજયને બાઈક ચલાવવાની મઝા આવતી હતી. લગભગ અઢી કલાકે બન્ને વઘઈ સરકારી ફેક્ટરી વનીલ પહોંચ્યાં. આ બાજુ લીલાબહેને શ્રેયાને સવારે ઘરમાં ન જોઈ એટલે એમને ફાળ પડી. એમણે આખું ઘર ફરી ફરીને જોયું પણ શ્રેયા દેખાઈ નહીં. એમણે આજુબાજુના પાડોશીઓને પૂછ્યું પણ કોઈનેય ખબર ન હતી કે કોઈએ શ્રેયાને જોઈ ન હતી. "શું થયું માસી," બાજુવાળા સરલાબહેને પૂછ્યું, "કૈં ઝઘડો થયો હતો એની સાથે કે પછી રિસાઈને ક્યાંક ગઈ છે?'' બીજી પણ પાંચ-છ સ્ત્રીઓ ભેગી થઈ ગઈ. ''અરે કૈં ઝઘડો થયો નથી,'' લીલાબહેન બોલ્યાં, "અમે કોઈ કદી ઝઘડ્યાં જ નથી કે શ્રેયા કદી રિસાઈ પણ નથી. કદાચ નવસારી કોઈ કામે ગઈ હશે, આવી જશે.'' એમ કહીને એમણે ઘરનું બારણું બંધ કર્યું. જો કે લીલાબહેને તો ઘરનું બારણું બંધ કર્યું પણ બહાર વાતોનું બારણું ખૂલી ગયું! કલાકેકમાં તો ચારે બાજુ વાત ફેલાઈ ગઈ - લીલાબહેનની શ્રેયા ભાગી ગઈ છે! ''તમને ખબર છે,'' અધૂરામાં પૂરું કોઈએ વાતકાષ્ટના ઢગલામાં શબ્દઅંગારો ફેંક્યો, "કે મગાભાઈનો વિજય પણ ઘેર કે દુકાને દેખાતો નથી.'' વીજળીની જેમ હવે વાત ફેલાઈ ગઈ - વિજય શ્રેયાને લઈને ભાગી ગયો છે! સરલાબહેને લીલાબહેનનું બારણું ખખડાવ્યું ને જેવું લીલાબહેને બારણું ખોલ્યું કે સરલાબહેન સાથે સાત-આઠ સ્ત્રીઓ ઘરમાં આવી ગઈ. ''માસી,'' સરલાબહેન બોલ્યાં, " ગજબ થઈ ગયો. તમારી દીકરી શ્રેયા દેખાતી નથી એમ મગાભાઈનો વિજય પણ દેખાતો નથી ગામમાં!'' ''હા માસી,'' કમળાબહેને ટાપસી પૂરી, "એ બન્ને કોલેજમાં પણ જોડે ભણતાં હતાં ને હરતાં-ફરતાં હતાં સાથે, એટલે કદાચ......" બાકીનું વાક્ય એના મૌનથી પૂરું થઈ ગયું. શ્રેયાના પિતા રમેશભાઈ પણ ગામમાં રખડીને ધોયેલા મૂળા જેવા પાછા આવી ગયા. એમણે પણ આ બધી વાતો સાંભળી. સાંજના ચાર વાગ્યા સુધી બધા રમેશભાઈના ફળિયામાં જ વાતો કરતા રહ્યા ને ચાર વાગ્યે એક ટેમ્પો શ્રેયાના ઘર પાસે આવીને ઊભો રહ્યો. એમાંથી શ્રેયા ને વિજય નીચે ઊતર્યાં! " અહીં આવ શ્રેયા,'' રમેશભાઈ બોલ્યા, "પૂછ્યા વિના ક્યાં ગઈ હતી તું આ વિજય સાથે?'' ''પપ્પા,'' શ્રેયા બોલી, "આ ટેમ્પો જુઓ, હું વિજયની સાથે સોફા લેવા વઘઈ ગઈ હતી. જુઓ, ટેમ્પોમાં સોફા ને ટિપોઈ લઈ આવી છું. એ તો વિજયે જોએલું હતું એટલે એને સાથે લઈ ગઈ હતી.'' " પણ ઘરમાં કહીને તો જવું જોઈએ ને?'' લીલાબહેન બોલ્યાં, "અહીં કેટલો કકળાટ થઈ ગયો!'' ''મમ્મી," શ્રેયા બોલી, " વિજયે કહેલું કે, સોફા મોંઘા મળે છે એટલે કદાચ તમે ના પાડો એવી બીકથી હું એમનેમ ભાગી ને વઘઈ ક્યાં દૂર છે?'' એક બહેને વિજય, શ્રેયા ને ટેમ્પાવાળાને પાણી આપ્યું. એ દરમ્યાન લીલાબહેન વિજય સામે જોઈ જ રહ્યા હતા. એમણે થોડી વાર પછી રમેશભાઈને એક બાજુ બોલાવીને કાનમાં કંઈક કહ્યું. રમેશભાઈ તરત જ સ્કૂટર લઈને ભાગ્યા. વિજય ટેમ્પામાંથી સોફા ને ટિપોઈ ઊતરાવીને ફળિયામાં લાવવામાં પડ્યો. પંદરેક મિનિટમાં સોફા ને ટિપોઈ ફળિયામાં આવી પણ ગયાં. લીલાબહેન તો સોફા ને ટિપોઈ જોઈને ખુશ થઈ ગયાં. હજી એ સોફા પાસે જાય છે ત્યાં જ રમેશભાઈ અમે મગાભાઈ ઘરમાં પ્રવેશ્યા. ''હવે આ સોફા ને ટિપોઈ રૂમમાં મુકાવો વિજયકુમાર," રમેશભાઈ બોલ્યા, "અને આગળ ટિપોઈ મૂકીને તમે ને શ્રેયા એના પર બેસો.''

> ''સોફા અંદર મુકાવીને શ્રેયા અને વિજય એના પર બેઠાં. આગળ ટિપોઈ મૂકી.'' લીલાબહેન અંદર જઈને કંકુની વાડકી, એક રૂપિયાનો સિક્કો અને એક શ્રીફળ લઈને આવ્યા અને બધું ટિપોઈ પર ગોઠવ્યું

''પણ છે શું માસા?'' વિજય બોલ્યો, "અને તમે મને તું ના બદલે તમે કેમ કહો છો? અને વિજયના બદલે વિજયકુમાર!" તમે બન્ને સોફા પર બેસો," મગાભાઈ બોલ્યા, "અમે બધું કહીએ છીએ.'' ''સોફા અંદર મુકાવીને શ્રેયા અને વિજય એના પર બેઠાં. આગળ ટિપોઈ મૂકી.'' લીલાબહેન અંદર જઈને કંકુની વાડકી, એક રૂપિયાનો સિક્કો અને એક શ્રીફળ લઈને આવ્યા અને બધું ટિપોઈ પર ગોઠવ્યું. ''જુઓ, વિજયકુમાર અને શ્રેયા,'' રમેશભાઈ વર્ગમાં વ્યાખ્યાન આપતા હોય એમ બોલ્યા, "અમને અત્યાર સુધી સૂઝ્યું નહોતું તે આજે તમે બન્નેએ સૂઝાડ્યું કે તમારી જોડી બહુ સરસ લાગે છે. મેં અને મગાભાઈએ વાત કરી લીધી છે, હવે શ્રેયાનો હાથ વિજયકુમારના હાથમાં આપવાનું મેં ને લીલાએ નક્કી કરી લીધું છે. મગાભાઈ પણ રાજી થઈ ગયા છે." ''આજે પહેલી વિધિ તરીકે,'' લીલાબહેને આગળ આવીને વિજયના કપાળમાં ચાંલ્લો કર્યો ને એના હાથમાં શ્રીફળ મૂકીને એના પર રૂપિયો મૂક્યો, "પહેલી વિધિ તરીકે અમે વિજયકુમારને રૂપિયો ને નાળિયેર આપીએ છીએ. આપણો સંબંધ પાક્કો. હવે લગ્નનું મુહૂર્ત જોવડાવવાનું બાકી રહ્યું!'' વિજયને પણ થયું કે, અત્યાર સુધી શ્રેયા પ્રત્યે પોતાને એવી લાગણી નથી એમ માનેલું પણ આજે વઘઈથી પાછા વળતી વખતે પ્રેમનો એકરાર કર્યો તો આ ન થવાનું સુખદ દ્રશ્ય થઈને રહ્યું!

(શીર્ષકપંક્તિઃ જિજ્ઞેશ વાળા. લોકાલ માટે સ્મરણઃ ઈશ્વરસિંહ પરમાર)